તંત્રની બેદરકારી | બનાના મુવાડા ગામમાં લાખોના ખર્ચે બનેલો સંપ 'શોભાના ગાંઠિયા' સમાન

# કપડવંજના ગામડાં ભરઉનાળે તરસ્યાં!

**300 ફૂટ** ઊંડો બોરવેલ ફેલ થતા 900થી વધુની વસ્તી અને પશુધન પાણી માટે ટળવળે છે



(પ્રતિનિધિ) કપડવંજ તા.14

કપડવંજ તાલુકાના પૂર્વ વિસ્તારમાં આવેલા બનાના મુવાડા ગામમાં ભરઉનાળે પીવાના પાણીનો ગંભીર કકળાટ સર્જાયો છે. ગામમાં અંદાજે 950 લોકોની વસ્તી અને મોટા પ્રમાણમાં પશુધન હોવા છતાં, પાણી પુરવઠા વિભાગની ઘોર બેદરકારીને કારણે ગ્રામજનો પાણીના એક-એક ટીપા માટે ભટકવા મજબૂર બન્યા છે. ગત વર્ષે જ બનેલો લાખોની લીટરની ક્ષમતા ધરાવતો સંપ હાલ નિરર્થક સાબિત થઈ રહ્યો છે. લાખોના ખર્ચે બનેલો 1.10 લાખ લીટરનો સંપ હોવા છતાં લોકો તરસ્યા રહે છે, તે વહીવટી તંત્રની કાર્યક્ષમતા સામે મોટા સવાલો ઊભા કરે છે.

કપડવંજના બનાના મુવાડા ગામમાં ઉનાળાની શરૂઆત થતાની સાથે જ જળસંકટ વિકરાળ બન્યું છે. ગામના નીચાણવાળા વિસ્તારમાં પાણી પુરવઠા વિભાગ દ્વારા ગત વર્ષે 1.10 લાખ લીટરની ક્ષમતા ધરાવતો પાણીનો સંપ તૈયાર કરવામાં આવ્યો હતો, જેનો હેતુ ઘર-ઘર સુધી પાણી પહોંચાડવાનો હતો. પરંતુ વહીવટી તંત્રની નિષ્ફળતાને કારણે આ સંપ માત્ર કાગળ પર કે શોભાના ગાંઠિયા સમાન બની રહ્યો છે, કારણ કે હજુ સુધી તેમાંથી ગ્રામજનોને પાણી મળ્યું નથી.

ગામમાં પંચાયત દ્વારા બનાવવામાં આવેલા 300 ફૂટ ઊંડા બોરવેલ પણ હાલ બંધ હાલતમાં છે, જેના કારણે પરિસ્થિતિ વધુ ગંભીર બની છે. ગામના મોટાભાગના લોકો પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલા હોવાથી તેમને પાણીની જરૂરિયાત વધુ રહે છે, પરંતુ પાણીના અભાવે પશુઓની હાલત પણ દયનીય બની છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે, તાલુકા અને જિલ્લા સ્તરે વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા કોઈ જ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી.

કપડવંજ તાલુકામાં દર ઉનાળામાં પીવાના પાણીની સમસ્યા સર્જાય છે. આમ છતાં તેનો કાયમી ઉકેલ આવતો નથી. જેથી પ્રજામાં રોષ ફેલાયો છે.

### તંત્રની ઉદાસીનતા, ગ્રામજનોમાં ભારે રોષ

ગ્રામજનો દ્વારા અનેક રજૂઆતો છતાં પરિણામ શૂન્ય ગ્રામજનોના જણાવ્યા અનુસાર, પાણીની સમસ્યા અંગે પાણી પુરવઠા વિભાગને વારંવાર જાણ કરવામાં આવી છે. ઉનાળો હજુ શરૂ જ થયો છે ત્યાં આવી સ્થિતિ છે, તો આગામી મે-જૂન મહિનામાં સ્થિતિ કેટલી વિકરાળ બનશે તે વિચારીને જ ગ્રામજનો ફફડી રહ્યા છે. જો સત્વરે પાણીની વ્યવસ્થા કરવામાં નહીં આવે તો ઉગ્ર આંદોલનની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

## મહીસાગરમાં ચૂંટણીઓને અનુલક્ષીને સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસનું ફૂટ પેટ્રોલિંગ



મહીસાગર જિલ્લામાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ શાંતિપૂર્ણ માહોલમાં યોજાય અને કાયદો-વ્યવસ્થા જળવાય તે માટે પોલીસ અધિક્ષકની સૂચનાથી પોલીસ તંત્ર સજ્જ બન્યું છે. મહિસાગર જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશન હેઠળના સંવેદનશીલ વિસ્તારો અને બૂથો પર પોલીસ ઇન્સ્પેક્ટર તથા પોલીસ સબ ઇન્સ્પેક્ટર સહિતના મોટા કાફલા દ્વારા સઘન ફૂટ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. પેટ્રોલિંગ દરમિયાન પોલીસ અધિકારીઓએ સ્થાનિક રહીશો સાથે સંવાદ સાધીને અફવાઓથી દૂર રહેવા અને નિર્ભય રીતે મતદાન કરવા માટે અપીલ કરી હતી. પોલીસના આ આક્રમક અભિગમને પગલે અસામાજિક તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે અને જિલ્લામાં સુરક્ષા વ્યવસ્થા વધુ સુદ્રઢ બનાવવામાં આવી છે.

## નડિયાદમાં પૂર્વ નાયબ મુખ્યમંત્રીની પ્રેરક ઉપસ્થિતિમાં ભાજપનો 'જનસેવા સંકલ્પ'



નડિયાદ ખાતે પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ અને ધારાસભ્ય પંકજભાઈ દેસાઈની હાજરીમાં મહાનગરપાલિકાના ભાજપના ઉમેદવારોએ જનસેવાના શપથ લીધા હતા. આ કાર્યક્રમ દરમિયાન 'સૌથી પહેલા દેશ, પછી પક્ષ અને ત્યારબાદ હું' ના મંત્ર સાથે કાર્યકર્તાઓએ રાષ્ટ્રહિત માટે પોતાની કટિબદ્ધતા દોહરાવી હતી. નીતિનભાઈ પટેલે અન્ય આગેવાનો સાથે મળીને સરદાર સાહેબના જન્મસ્થળની મુલાકાત લઈ પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ભાજપની વિજય યાત્રા અવિરત રાખવા અને જનસેવામાં કોઈ કસર ન છોડવાનો નિર્ધાર વ્યક્ત કરાયો હતો. **તસવીર : જશવંતસિંહ રાઠોડ**

# આણંદમાં ફાયર શહીદોને અપાઈ ભાવભીની શ્રદ્ધાંજલિ

**'ફાયર સેફ્ટી વીક'** અંતર્ગત 20મી એપ્રિલ સુધી વિવિધ જનજાગૃતિ કાર્યક્રમો યોજાશે



(પ્રતિનિધિ) આણંદ તા.14

કરમસદ - આણંદ મનપાના ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ વિભાગ દ્વારા 14મી એપ્રિલના રોજ શહીદ ફાયર જવાનોની બહાદુરીને યાદ કરી તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે 14મી એપ્રિલ 1944ના રોજ બોમ્બે ડોકયાર્ડમાં લાગેલી ભયાનક આગમાં ફરજ દરમિયાન શહીદ થયેલા 66 જવાનોની વિરતાને વાગોળવામાં આવી હતી.

કરમસદ - આણંદ મનપાના ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ વિભાગ દ્વારા શહીદ જવાનોના આત્માની શાંતિ માટે 2 મિનિટનું મૌન ધારણ કરવામાં આવ્યું હતું. આ સાથે શહીદ દિન નિમિત્તે 14મી એપ્રિલથી 20મી એપ્રિલ સુધી 'ફાયર વીક' તરીકે ઉજવણી કરવાનું પણ નક્કી કરવામાં આવ્યું છે.

આ આખા સપ્તાહ દરમિયાન મનપા દ્વારા અલગ-અલગ જાહેર જગ્યાઓએ વિવિધ પ્રોગ્રામોનું આયોજન કરવામાં આવશે. આ અભિયાનનો મુખ્ય હેતુ લોકોમાં ફાયર સેફ્ટી (અગ્નિ સુરક્ષા) અંગે જાગૃતતા ફેલાવવાનો છે, જેથી ભવિષ્યમાં આગના બનાવોમાં થતા જાન-માલના નુકસાનને અટકાવી શકાય.

# વીરપુરના ચોરસા ગામ નજીક ટ્રેક્ટર પલટી જતાં નવ ઘવાયાં

**વિજાપુરથી** મજૂરી કામ કરી વતન ફતેપુરા જઇ રહેલા શ્રમિકોને નડ્યો અકસ્માત



(પ્રતિનિધિ) વીરપુર તા.14

મહીસાગર જિલ્લાના વીરપુર તાલુકાના ચોરસા ગામ નજીક એક ટ્રેક્ટર પલટી જવાની દુર્ઘટના સર્જાઈ છે. ટ્રેક્ટર ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતા સર્જાયેલા આ અકસ્માતમાં સવાર 13 શ્રમિકો પૈકી 9 શ્રમિકોને ઈજાઓ પહોંચી હતી. આ અકસ્માતને પગલે સ્થાનિકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને ઈજાગ્રસ્તોને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

દાહોદ જિલ્લાના ફતેપુરા વિસ્તારના આદિવાસી શ્રમિકો રોજગાર મેળવવા માટે વિસનગર-વિજાપુર પંથકમાં ઘઉં કાપણીના કામ માટે ગયા હતા. સીઝનનું કામ પૂર્ણ કરી તમામ ૧૩ શ્રમિકો ટ્રેક્ટરમાં સવાર થઈ પોતાના વતન ફતેપુરા પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન વિરપુરના ચોરસા ગામ પાસે ટ્રેક્ટર ચાલકે અચાનક સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા ટ્રેક્ટર રસ્તાથી નીચેના ભાગે પલટી ખાઈ ગયું હતું.

આ અકસ્માત થતા જ આસપાસના લોકો મદદ માટે દોડી આવ્યા હતા અને વિરપુર પોલીસ તથા 108 એમ્બ્યુલન્સને જાણ કરી હતી. 108ની ટીમ દ્વારા તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક વિરપુર સીએચસી ખાતે સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં હાજર ડોક્ટરોએ પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ ગંભીર ઈજા પામેલા બે શ્રમિકોને વધુ સારવાર અર્થે લુણાવાડા સિવિલ હોસ્પિટલ ખાતે રીફર કર્યા હતા. પોલીસે ઘટના સ્થળે પહોંચી રાહત કામગીરીમાં સહયોગ આપ્યો હતો.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### પેટલાદના વિશ્નોલીમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ બીએલઓ અને સુપરવાઈઝરનું સન્માન કરાયું



**પેટલાદ** | પેટલાદના વિશ્નોલી ગામની પ્રાથમિક શાળામાં BLO અને સુપરવાઈઝર પરેશભાઈ પટેલનું સરપંચ અને SMC અધ્યક્ષ દ્વારા સાલ ઓઢાડી સન્માન કરાયું હતું. ધોરણ-8ના વિદાય પ્રસંગે યોજાયેલા આ કાર્યક્રમમાં BLO તરીકે નિષ્ઠાપૂર્વક ફરજ બજાવનાર મિત્રોની કામગીરીને બિરદાવવામાં આવી હતી. સુપરવાઈઝર પરેશભાઈએ વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છા પાઠવી ગ્રામજનોનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે શાળાના આચાર્ય અને ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહી BLO ટીમની સેવાકીય કામગીરીની સરાહના કરી હતી.

### વાસદની એસવીઆઈટીમાં 400થી વધુ વિદ્યાર્થીઓને એવોર્ડ આપી સન્માન કરાયું



**આણંદ** | વાસદ સ્થિત એસવીઆઈટી ખાતે એકેડેમિક, સ્પોર્ટ્સ, એનસીસી અને એનએસએસ જેવી વિવિધ શ્રેણીઓમાં ઉત્તમ પ્રદર્શન કરનાર 400થી વધુ તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યાં હતાં. આ સમારોહમાં વિવિધ વિભાગોના 'બેસ્ટ સ્ટુડન્ટ ઓફ ધ યર' તેમજ રમતગમત ક્ષેત્રે વિશિષ્ટ દેખાવ કરનાર ખેલાડીને 'અતિત સેઠ-બેસ્ટ પ્લેયર ઓફ ધ યર' એવોર્ડ એનાયત કરાયાં હતાં. આ પ્રસંગે સંસ્થાના અધ્યક્ષ ભાસ્કરભાઈ પટેલ અને સમગ્ર મેનેજમેન્ટ મંડળે વિજેતાઓને શુભેચ્છાઓ પાઠવી વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટેની પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### લુણાવાડાના કાળકા માતાના ડુંગર પર વન વિભાગ દ્વારા પ્લાસ્ટિક મુક્તિ અભિયાન હાથ ધરાયું



**લુણાવાડા** | મહીસાગર જિલ્લા વન વિભાગ દ્વારા આંતરરાષ્ટ્રીય વન દિવસની ઉજવણીના ભાગરૂપે લુણાવાડાના ઐતિહાસિક કાળકા માતાના ડુંગર પર પ્લાસ્ટિક એકત્રીકરણની વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. વન વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓએ સ્વયં ડુંગર પર જઈ ગિરિમાળાઓમાં ફસાયેલા પ્લાસ્ટિકના પાઉચ અને બોટલો જેવો કચરો દૂર કરી પર્યાવરણને શુદ્ધ કરવાનો પ્રયાસ કર્યો હતો. આ અભિયાનનો મુખ્ય હેતુ યાત્રાધામોમાં આવતા શ્રદ્ધાળુઓમાં પ્લાસ્ટિક પ્રદૂષણ સામે જાગૃતિ લાવવાનો અને પ્રકૃતિની જાળવણી માટે પ્રેરિત કરવાનો હતો. વન વિભાગે સંદેશ આપ્યો કે જંગલો આપણી અમૂલ્ય વિરાસત છે અને તેને પ્લાસ્ટિક મુક્ત રાખી સુરક્ષિત બનાવવી એ દરેક નાગરિકની નૈતિક ફરજ છે.

### કપડવંજમાં સાવિત્રીબાઈ ફૂલે મહિલા સંગઠન દ્વારા ડો.બાબાસાહેબની જન્મ જયંતિ ઉજવાઇ



**કપડવંજ** | કપડવંજ શહેરમાં સાવિત્રીબાઈ ફૂલે મહિલા સંગઠન દ્વારા ભારતીય બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરની 135મી જન્મ જયંતિની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સંગઠનની મહિલાઓએ ટાઉન હોલ અને સવાસો વણકર સમાજની વાડી સ્થિત બાબા સાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી ભાવવંદના કરી હતી. પન્નાબહેન પરમાર સહિત સંગઠનના અગ્રણીઓની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં બાબા સાહેબના જીવન અને તેમના પ્રેરણાદાયી વિચારોનું સ્મરણ કરવામાં આવ્યું હતું. સંગઠનના બહેનોએ બાબા સાહેબે મહિલાઓના અધિકારો અને શિક્ષણ માટે કરેલા પાયાના કાર્યો પ્રત્યે વિશેષ કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

### કપડવંજમાં ડો. બાબાસાહેબ આંબેડકરની 135મી જન્મ જયંતીની ભવ્ય ઉજવણી



**કપડવંજ** | કપડવંજમાં જયભીમ સમાજ સેવા મંડળ દ્વારા ડો. બાબાસાહેબ આંબેડકરની 135મી જન્મ જયંતી નિમિત્તે તેમની પ્રતિમાને હારતોરા કરી ભાવપૂર્વક શ્રધ્ધાંજલિ અર્પવામાં આવી હતી. આ પ્રસંગે શહેર અને તાલુકાના વિવિધ સામાજિક સંગઠનો અને નાગરિકોએ મોટી સંખ્યામાં ઉમટી પડી 'જયભીમ' ના નારા સાથે વાતાવરણ ગજવી દીધું હતું. આગામી સ્થાનિક ચૂંટણીઓના માહોલ વચ્ચે ભાજપ, કોંગ્રેસ અને અપક્ષ ઉમેદવારોએ પણ મોટી સંખ્યામાં હાજર રહી બાબા સાહેબને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ભાઈલાકૂઈ શાળાની વિદ્યાર્થિનીઓએ પ્રામાણિકતા દાખવી ચાંદીનું મંગળસૂત્ર પરત કર્યું



**કપડવંજ** | કપડવંજ તાલુકાની ભાઈલાકૂઈ પ્રાથમિક શાળામાં 'ખોયાપાયા' પ્રવૃત્તિ હેઠળ વિદ્યાર્થીઓમાં પ્રામાણિકતાના સંસ્કારોનું સિંચન કરવામાં આવી રહ્યું છે. તાજેતરમાં ધોરણ-8ની વિદ્યાર્થિનીઓ જીનલ અને ધ્રુવીને શાળા પરિસરમાંથી એક ચાંદીનું મંગળસૂત્ર મળી આવ્યું હતું, જે તેમણે તુરંત શાળાની ઓફિસમાં જમા કરાવ્યું હતું. તપાસ કરતા આ મંગળસૂત્ર શાળાના નવા બિલ્ડીંગમાં કામ કરતા એક બહેનનું હોવાનું જણાતા તેમને પરત કરવામાં આવ્યું હતું. શાળામાં વાવેલા આ સંસ્કાર શિક્ષણને કારણે બાળકોમાં જોવા મળેલી આ ઈમાનદારી અન્ય લોકો માટે પણ પ્રેરણારૂપ બની છે.

### કપડવંજમાં જગતગુરુ શ્રીમદ વલ્લભાચાર્યજીના 549મા પ્રાગટ્યોત્સવની ધામધૂમથી ઉજવણી



**કપડવંજ** | કપડવંજના ગોકુલનાથજી મંદિર ખાતે વલ્લભ સેવક સમાજ અને મહિલા મંડળના સંયુક્ત ઉપક્રમે શ્રીમદ વલ્લભાચાર્યજીનો 549મો પ્રાગટ્યોત્સવ હર્ષોલ્લાસ સાથે ઉજવાયો હતો.. આ પ્રસંગે સવારે મંગળા આરતી, ગુરુ પૂજન અને ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરાયું હતું, જેમાં વૈષ્ણવ ભાઈ-બહેનો મોટી સંખ્યામાં જોડાયા હતા. આ શોભાયાત્રામાં શ્રી ઠાકોરજીને બગીમાં પધરાવવામાં આવ્યા હતા અને ખડાયતા યુવક મંડળ દ્વારા પ્રભાતફેરીનું પણ સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ મંગલ પ્રસંગે મંદિરના મુખ્યાજી, વિવિધ સમિતિના પ્રમુખો અને વૈષ્ણવ અગ્રણીઓએ ઉપસ્થિત રહીને ઉત્સવની શોભા વધારી હતી.

### ખેડામાં ડો.બાબાસાહેબની જન્મજયંતિ નિમિત્તે પંચધાતુની પ્રતિમાનું અનાવરણ



**ખેડા** | ખેડા પોલીસ સ્ટેશન પાસે યુવાશક્તિના સંકલ્પથી 150 કિલો વજનની ડો. બાબાસાહેબની પ્રતિમા સ્થાપિત કરી પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. નવી પેઢીમાં બાબાસાહેબના વિચારો અને વારસો જીવંત રહે તેવા ઉમદા ઉદ્દેશ્ય સાથે આ પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સામાજિક આગેવાનો અને પાલિકા સભ્યોની હાજરીમાં બંધારણના ઘડવૈયાના સામાજિક સુધારાના કાર્યોને યાદ કરવામાં આવ્યા હતાં. આ કાર્યક્રમના અંતે પર્યાવરણ જાળવણી માટે પક્ષીઓના કુંડા વિતરણ અને બાળકોને બિસ્કિટ-ચોકલેટ વહેંચી ઉજવણી કરવામાં આવી હતી.

### નડિયાદના સંતરામ મંદિરે મહંત રામદાસજી મહારાજના પ્રાગટ્ય પર્વે માનવસેવાનો યજ્ઞ



**નડિયાદ** | નડિયાદના વિશ્વપ્રસિદ્ધ સંતરામ મંદિરે પરમ પૂજ્ય મહંત રામદાસજી મહારાજના પ્રાગટ્ય દિન નિમિત્તે ભવ્ય સેવાકીય કાર્યક્રમ યોજાયો હતો. આ પવિત્ર અવસરે 76 દિવ્યાંગોને વ્હીકલ સહાય (બાઈસીકલ અને ટ્રાઈસિકલ) તેમજ વિધવા બહેનોને પગભર કરવા સિલાઈ મશીન અર્પણ કરાયા હતાં. મહંતના હસ્તે થયેલા આ સાધન વિતરણમાં નિર્ગુણદાસજી મહારાજ સહિત નગરના અનેક અગ્રણીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતાં. આ સેવા પ્રવૃત્તિ દ્વારા મંદિરે જરૂરિયાતમંદ પરિવારોના જીવનમાં ખુશી ફેલાવી હતી.

### મહીસાગરમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે કોલેજોમાં 'યુવા મતદાર જાગૃતિ કાર્યક્રમ' યોજાયો



**સંતરામપુર** | મહીસાગર જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા 2026ની ચૂંટણીમાં મતદાનની ટકાવારી વધારવા SVEEP અંતર્ગત વિશેષ ઝુંબેશ શરૂ કરાઈ છે. જે અંતર્ગત વિવિધ કોલેજોમાં 18થી 19 વર્ષના નવયુવાન મતદારોને મતાધિકાર અને લોકશાહીના મૂલ્ય વિશે વિસ્તૃત માર્ગદર્શન અપાયું હતું. જિલ્લા ચૂંટણી અધિકારીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભારે ઉત્સાહ સાથે ભાગ લીધો હતો. ચૂંટણી તંત્રએ યુવાઓને રાષ્ટ્રીય ફરજ સમજી સ્થાનિક વિકાસ અને લોકશાહીના સશક્તિકરણ માટે મતદાન કરવા અપીલ કરી છે.

### સેવાલિયામાં જગદ્ગુરુ વલ્લભાચાર્યજીની 549મી જયંતિની ભવ્ય ઉજવણી કરાઇ



**સેવાલિયા** | ગળતેશ્વરના સેવાલિયા ખાતે પુષ્ટિમાર્ગના સ્થાપક શ્રીમદ્ વલ્લભાચાર્યજીની 549મી જયંતિ નિમિત્તે સવારે પ્રભાતફેરી અને ત્યારબાદ બગી-બેન્ડવાજા સાથે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. બજારના મુખ્ય માર્ગો પર વૈષ્ણવોએ પુષ્પવર્ષા કરી વધામણાં કર્યા હતા, જ્યારે પોલીસ તંત્ર દ્વારા સુરક્ષા માટે ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. મંદિરમાં સર્વોત્તમ સ્તોત્રના પાઠ બાદ સાંજે જનોડ અને ઉમરેઠ એકડા સમાજના વૈષ્ણવોએ કીર્તન-સ્મરણ અને મહાપ્રસાદનો લાભ લીધો હતો. શ્રીકૃષ્ણની અનન્ય ભક્તિ અને 'શુદ્ધાદ્વૈત' તત્ત્વજ્ઞાનના પ્રણેતાના આ મહોત્સવમાં સમગ્ર પંથકના ભાવિકો ઉમટી પડ્યા હતા.